
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૪ | ૭ માર્ચ, ૨૦૨૦, શનિવાર; ફાગણ સુદ - ૧૨/૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શેરબજાર કડડભૂસ : ૧૪૦૦ અંકનો કડાકો

**બ્લેક ફ્રાઇડેની સ્થિતિથી શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી : યશ બેંક ડુબવાના હેવાલ વચ્ચે જોરદાર અફડાતફડી : મોટાભાગના સેક્ટરલ ઇન્ડેક્સ કડડભુસ**
**નિફ્ટી બેંક ઇન્ડેક્સમાં ૧૦૦૦ પોઇન્ટનો ઘટાડો નોંધાયો : દિવસના અંતે સેન્સેક્સ ૮૯૩ ઘટી ૩૭૫૭૬ની સપાટીએ તો નિફ્ટી ૨૭૯ માઇનસ સાથે ૧૦૯૮૯ના સ્તરે**



મુંબઇ,તા. ૬
શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત અને યશ બેંકની કટોકટીને લઈને હાહાકાર મચી ગયો હતો. આ બે પરિબળના કારણે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. બીએસઈ સેંસેક્સ ઈન્ટ્રા ડે દરમિયાન અને સવારના કારોબારમાં ૧૪૫૦ પોઈન્ટ સુધી ઘટી ગયા બાદ કારોબારના અંતે તેમાં આંશિક સુધારો થયો હતો છતાં સેંસેક્સ ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. દિવસ દરમિયાન સેંસેક્સ એક વખતે ૩૭૦૧૧ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. આજે કારોબાર દરમિયાન બજાજ ઓટોમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો જ્યારે તાતા સ્ટીલના શેરમાં ૬.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. એનએસઈના મોરચા પર નિફ્ટી ઈન્ડેક્સ ૨૭૯ પોઈન્ટ ઘટીને ૧૦૯૮૯ની સપાટીએ રહ્યો હતો. સાપ્તાહિક આધાર પર સેંસેક્સમાં ૧.૮ ટકા અને નિફ્ટીમાં ૧.૮૯ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. વ્યક્તિગત શેરોમાં આજે યશ બેંકના શેરમાં અફડાતફડી રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કારોબારીઓએ કલાકોમાં જ લાખો કરોડ રૂપિયા ગુમાવ્યા

**રોકાણકારોએ ૩.૪૮ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા : વિદેશના રોકાણકારો જોરદાર વેચવાલીના મૂડમાં દેખાયા**

મુંબઈ, તા. ૬
શેરબજારમાં આજે શુક્રવારના દિવસે અભૂતપૂર્વ વેચવાલી જોવા મળી હતી. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કોહરામની સ્થિતિ રહી હતી. આજે મિનિટના ગાળામાં જ કારોબારીઓએ ૩.૪૮ લાખ કરોડ ગુમાવી દીધા હતા. એક મિનિટમાં જ આ સ્થિતી રહી હતી. ૨૦૦૮ બાદ પ્રથમ વખત અમેરિકી ચિંતાનુ મોજુ રહ્યુ હતુ. આજે કારોબારીઓએ તીવ્ર મંદી વચ્ચે મિનિટનોના ગાળામાં લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. કારોબાર શરૂ થતાંની સાથે જ વૈશ્વિક બજારોની અસર વચ્ચે કારોબારીઓ નુકસાનમાં ગરકાવ થયા હતા. દુનિયાભરના બજારોમાં વેચવાલીનું દબાણ વધી ગયું છે. સ્થાનિક શેરબજારમાં પણ આજે ડાઉજોન્સમાં એક સપ્તાહમાં વિક્રમી ઘટાડો થયો છે. આજે બજારમાં રહેલી સ્થિતિનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે, માત્ર એક મિનિટમાં જ બીએસઈના રોકાણકારોએ આશરે ૩.૪૮ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બજારોમાં અંધાધૂંધીની અસર વચ્ચે શેરબજારમં મંદી રહી હતી. મોટાભાગના

### રૂપિયો ડૉલર સામે ૬૨ પૈસા ઘટ્યો

રૂપિયાની શરૂઆત આજે ભારે ઘટાડા સાથે થઈ છે. ડૉલરની સામે રૂપિયો આજે ૬૨ પૈસાના ઘટાડા સાથે ૭૩.૯૪ના સ્તરે ખુલ્યો છે. બીજી તરફ, કાલના કારોબારી દિવસે ડૉલરની સામે રૂપિયો ૧૦ પૈસા ઘટીને ૭૩.૩૨ના સ્તરે પહોંચીને બંધ થયો હતો.

### ક્રુડના ભાવ ૫૦ ડોલરથી નીચે ઉતર્યા

કોરોનાના ડર વચ્ચે ક્રુડના ઉત્પાદનની તુલનામાં માંગમાં નોંધપાત્ર ઘટાડો થતા વૈશ્વિકસ્તરે ડબ્લ્યુટીઆઈ ક્રુડના ભાવ બેરલ દીઠ ૦.૮૮ ડોલર એટલે કે ૧.૯૨ ટકા ઘટી ૪૫.૯૦ ડોલર થયા છે. જ્યારે બ્રેન્ટ ક્રુડના ભાવ ગગડી ૪૯.૯૯ ડોલર થઈ ગયા છે.

## બેંકિંગ શેર કડડભુસ

| | |
|---|---|
| યશ બેંકના શેરમાં કડાકો | ૫૫ ટકા |
| આરબીએલ બેંકમાં ઘટાડો | ૧૪.૦૩ ટકા |
| એસબીઆઈમાં ઘટાડો | ૬.૧૯ ટકા |
| ઈન્ડસઈન્ડ બેંકમાં ઘટાડો | ૫.૬૨ ટકા |
| સેંસેક્સના શેરમાં ઘટાડો | ૩૦ પૈકી ૨૭ |
| તાતા સ્ટીલમાં ઘટાડો | ૬.૫૧ ટકા |
| બેંક ઈન્ડેક્સમાં ઘટાડો | ૧૦૦૦ પોઈન્ટ |
| મિડકેપ ઈન્ડેક્સમાં ઘટાડો | ૩૪૩ પોઈન્ટ |
| સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો | ૨૬૧ પોઈન્ટ |
| રિલાયન્સમાં ઘટાડો | ૩.૧૬ ટકા |
| સેંસેક્સમાં સાપ્તાહિક ઘટાડો | ૧.૮ ટકા |

## યસ બેન્કનો શેર ૫૬ ટકા તૂટ્યો

મુંબઇ,તા. ૬
શેરબજારમાં બ્લેક ફ્રાઈડેની સ્થિતિ વચ્ચે આજે અફડાતફડી મચી ગઈ હતી. યશ બેંક ડુબી જવાના અહેવાલ વચ્ચે આ કડાકો બોલી ગયો હતો. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો યશ બેંકના શેરમાં એ વખતે ૮૫ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો હતો જ્યારે આરબીઆઈએ બેંક બોર્ડને સસ્પેન્ડ કરીને ૩૦ દિવસ સુધી સુસુપ્ત અવસ્થામાં રાખવાની જાહેરાત કરી હતી. સાથે સાથે એક મહિનાના ગાળા માટે ૫૦૦૦૦ રૂપિયાની ઉપાડ મર્યાદા નક્કી કરી હતી. કારોબારના અંતે આજે યશ બેંકના શેરમાં ૫૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે એસબીઆઈના શેરમાં ૬.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. બોર્ડ દ્વારા યશ બેંકમાં મૂડીરોકાણ તક વિચારવા સૈદ્ધાંતિક મંજુરી મળી ગયા હોવાના અહેવાલ આપ્યા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી. જો કે, ગુરુવારે મોડી રાત્રે નિવેદનમાં જણાવાયું હતું કે, યશ બેંકના શેરમાં હિસ્સેદારી લેવા કોઈપણ નિર્ણય કરાયો નથી. અન્ય બેંકિંગ શેરોમાં પણ આજે કડાકો બોલી ગયો હતો. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો ઘટાડો અથવા તો ૩.૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. અન્ય શેરમાં વાત કરવામાં આવે તો તાતા સ્ટીલ અને જિંદાલ સ્ટિલમાં મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો.

## દેશમાં યસ બેંકની શાખાઓ પર ખાતેદારોનો તીવ્ર ધસારો

**એસબીઆઇએ બેંકે હવે બચાવી લેવા કવાયત શરૂ કરી**




મુંબઈ,તા. ૬
યથ બેંક ડુબી રહી છે તેવા હેવાલ વચ્ચે એકબાજુ આજે શેરબજારમાં હાહાકાર મચી ગયો હતો. બીજી બાજુ યથ બેંકની શાખાઓ પર તમામ જગ્યાએ જોરદાર ધસારો લોકોનો રહ્યો હતો. લોકો તેમના પૈસા ઉપાડી લેવા માટે ઉતાવળમાં દેખાયા હતા. દેશના જુદા જુદા ભાગોમાં યશ બેંકની શાખાઓ પર તથા એટીએમ ઉપર ખાતાધારકો ઉમટી પડ્યા હતા. યશ બેંકની મુંબઈમાં આવેલી ફોર્ટ શાખ ઉપર પણ લોકોની લાંબી લાઈનો લાગી હતી. ખાતાધારકો નાણાં ઉપાડવા માટે પડાપડી કરતા નજરે પડ્યા હતા. મુંબઈ ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. અમદાવાદમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. દેશભરમાં યશ બેંકની ૧૦૦૦ કરતા વધારે શાખા છે. અને ૧૮૦૦ એટીએમ છે. કોઈ સમય તમામ લોકોના મનમાં રહેલી યશ બેંક હવે ડુબી જવાના આરે છે. યશ બેંકને સરેરાશ કરતા વધારે નાણાં આપવા માટે પણ ઓળખવામાં આવે છે. રિપોર્ટ મુજબ સરકાર તરફથી યશ બેંકને બચાવી લેવા માટે એક યોજના તૈયાર કરવામાં આવી ચુકી છે. જેમાં ભારતીય સ્ટેટ બેંકનુ નામ આગળ કરવમાં આવ્યું છે. સરકાર એસબીઆઈના નેતૃત્વમાં બનાવવામાં આવેલા કન્સોર્ટિયમ મારફતે યશ બેંકમાં હિસ્સેદારીને ખરીદવા માટે વિચારણા કરી રહી છે. આ અહેવાલ આવ્યા બાદ શેરબજારમાં યશ બેંકના શેરમાં તેજી નોંધાઈ હતી. યશ બેંકના પ્રમોટરોની બેંકમાં હિસ્સેદારી ૮.૩૩ ટકા છે. જ્યારે એમએફ અને વિદેશી મુડીરોકાણકારી પાસે ૩૧મી ડિસેમ્બર સુધી ક્રમશઃ ૫.૦૯ ટકા અને ૧૫.૧૭ ટકાની હિસ્સેદારી રહેલી છે. યશ બેંકમાં સ્થિતિ હાલ નહી સુધરે.

## યસ બેંકમાં ગ્રાહકોના નાણાં બિલકુલ સુરક્ષિત છે : નિર્મલા સીતારામન

**યશ બેંક ડુબી જવાના અહેવાલ વચ્ચે બેંક પર સવારથી લાંબી લાઈનો લાગ્યા બાદ મોડેથી નાણાંમંત્રીએ કરેલી સ્પષ્ટતા : ૩૦ દિવસમાં રેસ્ક્યુ પ્લાન બનશે**

નવી દિલ્હી, તા. ૬
યશ બેંક ડુબી જવાના અહેવાલ વચ્ચે આજે દેશભરમાં ખાતેદારોમાં અફડાતફડી અને દહેશત રહી હતી. મોડેથી યશ બેંકની કટોકટી પર નાણાંમંત્રી નિર્મલા સીતારામનો પત્રકાર પરિષદ યોજીને સંકટને દુર કરવા માટેની ખાતરી આપી હતી. સાથે સાથે યશ બેંકના ખાતેદારોને ખાતરી આપી હતી કે, તેમના પૈસા બિલકુલ સુરક્ષિત છે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. માત્ર ૩૦ દિવસના ગાળામાં જ રી-સ્ટ્રક્ચરિંગ કરી દેવામાં આવશે. ૨૦૦૪માં યશ બેંકની સ્થાપના કરવામાં આવી હતી. બેંકે સતત એવા લોકોને લોન આપી હતી જ્યાં વધારે જોખમની સ્થિતિ હતી. આના બદલે યશ બેંકે વધારે



પ્રમાણમાં વ્યાજની વસુલી કરી હતી. મોડેથી આવી લોન ડિફોલ્ટ થવા લાગી હતી. યશ બેંકે અનિલ અંબાણી, વોડાફોન, સીસીડી, જેવા બિઝનેસમેન લોન આપી હતી. જે મોડેથી ડિફોલ્ટ થયા હતા. નિર્મલા સીતારામને આજે કહ્યું હતું કે, રિઝર્વ બેંકની આના પર નજર છે. ૩૦ દિવસમાં બેંકના રી-સ્ટ્રક્ચરિંગ કરી દેવામાં આવશે. રી-રી-સ્ટ્રક્ચરિંગને લઈને રિઝર્વ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાની દહેશત વચ્ચે વધુ એક કેસ સપાટી પર

**ભારતમાં સાવચેતીના પગલારૂપે શંકાસ્પદ દર્દીઓની ચકાસણી : શરૂઆતી તપાસમાં પોઝિટિવ આવેલા ૨૩ સેમ્પલોની ફરીથી તપાસ**

નવી દિલ્હી,તા. ૬
ભારતમાં કોરોના વાયરસનો વધુ એક પોઝિટિવ કેસ સપાટી પર આવતા કુલ કેસોની સંખ્યા વધીને આજે ૩૧ ઉપર પહોંચી હતી. આજે જે નવો મામલો આવ્યો છે તે દિલ્હીનો છે. ઉત્તમનગરના નિવાસી કોરોના વાયરસમાં પોઝિટિવ આવતા દહેશત અકબંધ રહી છે. આ શખ્સે હાલમાં જ થાઈલેન્ડ અને મલેશિયાની યાત્રા કરી હતી. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયમાં સ્પેશિયલ સેક્રેટરી સંજીવ કુમારે માહિતી આપતા કહ્યું છે કે, દિલ્હીમાં કોવિડ-૧૯નો વધુ એક કેસ સપાટી પર આવ્યો છે. આની સાથે જ ભારતમાં આ વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૩૧ થઈ ગઈ છે.




## કોરોનાના ભયથી દુનિયામાં ૩૦ કરોડ બાળકો સ્કુલ જતા નથી

**દુનિયાના મોટાભાગના દેશોમાં સ્કુલો હાલ બંધ : કોરોનાની દહેશતને લીધે ૨૨ દેશોમાં સ્કુલ-કોલેજો બંધ**




નવી દિલ્હી, તા. ૬
કોરોના વાયરસના પરિણામ સ્વરૂપે દિલ્હીમાં તમામ પ્રાઈમરી સ્કુલોને ૩૧મી માર્ચ સુધી બંધ કરી દેવાનો નિર્ણય કરી દેવામાં આવ્યો છે. કોરોના વાયરસના કારણે આ સ્થિતિ માત્ર દિલ્હીમાં જ નથી બલકે દુનિયાભરમાં બાળકો કોરોના ખોફથી સ્કુલ જઈ રહ્યા નથી. કોરોના વાયરસથી હાલમાં દુનિયાના ૯૦થી વધારે દેશો પ્રભાવિત થયેલા છે. જેના લીધે તમામ જગ્યા પર સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ઈટાલીમાં તમામ સ્કુલોને બંધ કરવામાં આવી છે. જ્યારે અન્ય જગ્યાઓ પર સ્કુલ ખુલી છે તો ભયના કારણે બાળકો સ્કુલ જઈ રહ્યા નથી. સ્થિતિ એ છે કે, દુનિયમાં આશરે ૩૦ કરોડ બાળકો સ્કુલ જઈ રહ્યા નથી. થોડાક સપ્તાહ પહેલા સુધી માત્ર ચીનમાં સ્કુલ કોલેજોને બંધ રાખવામાં આવી હતી. હવે ખતરનાક વાયરસ અન્ય દેશોમાં ફેલાતા સ્થિતિ ગંભીર બની ગઈ છે. ત્રણ મહાદ્વિપમાં ૨૨ દેશોમાં સ્કુલોને બંધ કરવાની જાહેરાત થઈ ચુકી છે.

Requires Teachers
Gandhinagar Kelavani Mandal, Koba
Conducts
Mohit Kobawala Pre-Primary School (English Medium)
Y.B.Nayi Primary School (English Medium)
1) Pre-Primary & Primary Section :- A Female efficient Supervisor
2) Primary Section:- Teacher who can teach all subjects
Applicant must be fluently speaking in English.
Applicant should be Graduate - B.Ed. & Trained
Send your bio-data with Xerox copy of Mark sheets before 25th March
Address
M. M. Vasa Primary & Highschool Koba Patiya
At/Po - Koba. Ta. /Dist - Gandhinagar,
Pin Code - 382007

## મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ ધારાસભ્ય હરદીપસિંહ ડંગેનું રાજીનામું

ભોપાલ,તા.૬
મધ્ય પ્રદેશની કમલનાથ સરકારની મુશ્કેલી હવે ખરેખર વધવા લાગી છે. મંદસૌરની સુવસરા વિધાનસભા સીટથી કોંગ્રેસના ધારાસભ્ય હરદીપ સિંહ ડંગે રાજીનામું આપી દીધું છે. 'જુગાડ'ના બહુમત પર ચાલી રહેલી કમલનાથ સરકાર માટે આ રાજીનામું ખતરાની ઘંટી જેમ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225